તા. ૧૫-૭-૨૦૧૯ સોમવાર

### વેપારીઓ-ઉદ્યોગકારોના માર્ગદર્શન માટે કેન્દ્રીય બજેટના વિશ્લેષણ માટે

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોસ્ટ બજેટ સેમીનાર યોજાયો

## તજજ્ઞોએ બજેટની ભારતિય અર્થવ્યવસ્થા પર અસરની જાણકારી આપી

| જામનગર |

જામનગરમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે તાજેતરમાં બજેટ બાદનો એક માર્ગદર્શક સેમીનાર યોજવામાં આવ્યો હતો.જેમાં રાજ્યના તજજ્ઞ વક્તાઓએ બજેટનું વિશ્લેષણ કર્યુ હતુ અને ઉદ્યોગકારો વેપારીઓને માર્ગ દર્શન આપ્યું હતું.

જામનગર ચેમ્બર,ધી કોમર્શીયલ ટેક્સ પ્રેકટીશનર્સ એસો.,ઈન્કમટેક્સ પ્રેકટીસનર્સ એસો.ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમીનારમાં આ વર્ષના બજેટમાં આગામી વર્ષોમાં ભારતના વ્યાપાર-:દ્યોગનોવિકાસ થાય તે માટે ખાસ કરીને એમ.એસ.એમ.ઈ.ને વધુ પ્રાધાન્ય અપાવું જોઈતું હતું.કોર્પોરેટ ટેક્સનો ૨૫ ટકાનો દર હવે રૂ.૨૫૦ કરોડને બદલે રૂ.૪૦૦ કરોડ સુધીનું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓને લાગુ પડશે.




આ રાહત ભાગીદારી પેઢીઓને પણ લાગુ પડે તો દરેકને અનુકળ રહે.પેટ્રોલ ડીઝલઉપર પ્રતિલીટર રૂ.૧ની વધારાની એક્સાઈઝ ડ્યુટી,મુદ્રા યોજના હેઠળ મહિલાઓને રૂ.૧ લાખ સુધીની લોન સહાય અને તેની ભારતની અર્થવ્યવસ્થા પર અસર જેવી બાબતો પર માર્ગદર્શન અપાયું હતું.સેમીનારનું સંચાલન સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે કર્યુ હતું.

આ કાર્યક્રમમાં ચેમ્બરના પ્રમુખ બીપેન્દ્રસિંહ જાડેજા,ઈન્કમટેક્સ પ્રેકટીસનર્સ એસો.ના પ્રમુખ સંજીવભાઈ બુધ્ધ,તજજ્ઞો જીગરભાઈ પટેલ,સેન્ટ્રલ જીએસટી પેનલના ચેરમેન ભરતભાઈ ઓઝા,સંસ્થાના ઈન્કમટેક્સ એન્ડ કોર્પોરેટ લોઝના પેનલ ચેરમેન સી.એ.કમલેશભાઈ રાઠોડ તેમજ ઉદ્યોગકારો અને વેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.